ફોજદારી કેસ નં–

# –:: આંક–૧ ચાર્જેશીટ નીચે હુકમ ::–

(૧) ચાર્જશીટ તેમજ તે લગત કેસ પેપર્સ વંચાણે લીધા, પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના આધારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૧૮૮, ૩૭૯, ૪૨૯ મુજબના ગુનાઓ સબબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ (ચાર્જશીટ) કરવામા આવેલ છે.

(૨) રેકર્ડ જોતા સદર કામે કાઢેલ કામગીરીઓ આરોપીઓ, જામીનદારો તેમજ સાહેદોને ઘણા વર્ષોથી બજતી નથી. સરકાર તર્ફે કે મુળ ફરીયાદી તર્ફે પણ કેસ બાબતે કોઇ રસ દાખવવામાં આવેલ નથી. અત્રેની કોર્ટ ફકત કામગીરી કાઢી શકે તેમ છે. તેની બજવણીની અને આરોપી, ફરીયાદી તેમજ સાહેદોને હાજર રખાવવાની સંર્પૂણ જવાબદારી ફરીયાદપક્ષની છે. રેકર્ડ જોતા હજુ સુધી આરોપી કે જામીનદાર હાજર થયેલ નથી કે તેમને કોઇ કામગીરી બજેલ નથી. ફરીયાદી મરણ ગયા છે. સાહેદોની પણ કામગીરી બજતી નથી. હાલનો કેસ સને ૨૦૦૩ના વર્ષનો હોય, ૧૭ વર્ષ ઉપરાંતનો સમય થવા છતા ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટે કોઇ કાર્ય કરેલાનુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી. પોલીસ સાથે પરામર્શ કરી કામગીરીઓની અસરકારક બજવણી થાય અને આરોપીઓ, ફરીયાદી કે સાહેદો હાજર થાય તેવી કોઇ કાર્યવાહી કરેલ નથી.

વધુમાં હાલના કામે આરોપી ઉપરના આક્ષેપીત ગુનાઓ પૈકી ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબનો ગુન્હો ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ના પ્રથમ શીડયુલ મુજબ કોન્ગીઝેબલ ગુન્હો છે પરતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા તેમાં ઈ.પી.કોડ ની કલમ–૧૭૨ થી કલમ–૧૮૮ હેઠળના ગુનાઓમા સંબંધીત રાજય સેવક / અધીકારી કે વહીવટ હેતુઓ માટે તેઓની નીચેના રાજય સેવક દવારા લેખીત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, પ્રસ્તુત કેસમા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ છે, ફરીયાદ વંચાણે લ ેતા આરોપીઓએ અન્ય ગુનાની સાથે સાથે જાહેરનામાનો ભંગનો પણ ગુનો કરેલ છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા ઉચ્ચ અધીકારી કે તેઓના નીચેના વહીવટી અધીકારી ધ્વારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામા ન આવે ત્યાં સુધી કોર્ટ સંજ્ઞાન લઈ શકે નહી. ઉપરાંત જાહેરનામામાં ફરીયાદ કરવાની સતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમ છતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ મુજબની અદાલતમાં ખાનગી ફરીયાદ કરવામાં આવેલ નથી, આવી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા દોલતરામ વિ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નં–૧૨૦૬ માં ઠરાવેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા

આવેલ સંજ્ઞાનમા આરોપી તકસીરવાન ઠરાવવામા આવેલ હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી પ્રથમથી રદ (Void–ab initio) ગણાય, તેવી જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ તેમજ અરૃધંતી ભટાચાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફો.પ.અરજી નંબર–૧૨૮૧૮/૨૦૧૪ ના ચુકાદામા ઠરાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખીત ખાનગી ફરીયાદ કરવી ફરજીયાત છે આમ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ તથા ઉપરોકત ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુનામાં પોલીસ ચાર્જશીટ ફાઈલ કરી શકે નહી તેમજ આવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ(ચાર્જશીટ)ને અદાલત ખાનગી ફરીયાદ તરીકે પણ ધ્યાને લઈ શકે નહી.

( ૩ ) આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા હાલના કામે કાયદાનો બાધ નડતો હોય કોગ્નીઝન્સ લઈ શકે નહી અને જો કોર્ટ કોગ્નીઝન્સ લઈને કેસ ચલાવી આરોપીને કસુરવાન કે નીર્દોષ ઠરાવે તે કાયદા મુજબ યોગ્ય નથી, આમ આરોપીનો કેસ ચલાવી શકાય નહી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

- હાલના કેસના ગુણદોષમાં ઉતર્યા વગર હાલના કેસની કાર્યવાહી ક્રીમી. પ્રોસી. કોડની ક.૨૫૮ હેઠળ સ્થગીત કરી આરોપીને બીનતહોમત છોડી ફેંસલ કરવામાં આવે છે.
- સરકારશ્રીને / પોલીસ ખાતાને હાલની ફરીયાદ બાબતે યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરી ખાનગી ફરીયાદ કરવા માટે સદર હુકમથી કોઇ બાધ આવશે નહી.
- સદર કામે કબજે કરેલ મુદ્દામાલો પૈકી કીંમતી મુદ્દામાલ બાબતે કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ વચગાળાનો હુકમ ન હોય તો મુદ્દામાલની માલીકીની ખરાઇ કરી તેના માલીકને અપીલ સમય બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. બીનકીંમતી મુદ્દામાલ અને હથીયારનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૧/૯/૨૦૨૧
રાજકોટ

(એન. આર. વઘવાણી)
સ્પે.સિટીંગ જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. મ્યુની.
રાજકોટ